સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
**ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ**
સચિવાલય, ગાંધીનગર.
**તા.: ૧૬/૦૮/૨૦૧૭**

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૬.૪.૨૦૦૯નો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૦૯/૬૫૯/ગ.
(૨) નાણા વિભાગનો તા. ૧૬.૮.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ.
(૩) શિક્ષણ વિભાગનો તા. ૩૦.૮.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-મં.શિ.-૧-ગ.
(૪) શિક્ષણ વિભાગનો તા. ૨૬.૧૨.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-મં.શિ.-૧-ગ.
(૫) શિક્ષણ વિભાગનો તા. ૨૬.૭.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-મં.શિ.-૧-ગ.
(૬) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા. ૨૦.૮.૨૦૧૬નો પત્ર ક્રમાંક : ધ/પેન.૩/ વશી-જનરલ/7th pay/૨૦૧૬/૧૭૯૫૬-૫૭.
(૭) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા. ૨૮.૯.૨૦૧૬નો પત્ર ક્રમાંક : ધ/પેન.૩/વશી-જનરલ/7th pay/ખર્ચ/૨૦૧૬/૨૦૨૬૫.
(૮) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા. ૧૫.૬.૨૦૧૭નો પત્ર ક્રમાંક : પેન-૩/વશી-જનરલ/કર્મ્ પગાર/૨૦૧૭/૨૦૦૨૯.
(૯) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા. ૨૮.૬.૨૦૧૭નો પત્ર ક્રમાંક : ધ/માધ્યમિક/પેન-૩/૨૦૧૭/૧૦૪૫૩.

**પ્રસ્તાવના :-**

રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણો તા.૧.૧.૨૦૧૬ થી આપવા માટે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓને મળેલ સાતમાં પગાર પંચની ભલામણ અન્વયેના લાભો રાજ્યમાં નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણો તા.૧.૧.૨૦૧૬ થી આપવા માટે નીચે મુજબ હુકમો બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ હેઠળ જે પગાર ધોરણો અમલમાં છે તે સામે આ ઠરાવ સાથેની અનુસૂચિ – ૧ માં દર્શાવ્યા મુજબના નવા પગાર ધોરણ "સ્કેલ ટુ સ્કેલ" ધોરણે અપનાવવાના રહેશે.

(૨) સરકાર/નાણા વિભાગની મંજુરી મેળવીને વહીવટી વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને "સ્કેલ ટુ સ્કેલ"ના ધોરણે છઠ્ઠા પગારપંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તે ભરેલી ૬૧૫૦૪ જગ્યાઓ અને ત્યાર બાદ રાજ્ય સરકારની મંજુરીથી નિયમિત પગાર ધોરણમાં ઊભી કરવામાં આવેલ અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના પગાર ધોરણ સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. બાકીની ખાલી ૧૦૫૮૯ જગ્યાઓ રદ કરવાની રહેશે અને રદ કર્યા અંગેના વિધિસર હુકમો તાત્કાલિક કરવાના રહેશે. અનિવાર્ય જણાતી જગ્યાઓ, જરૂર જણાયે નાણા વિભાગના પરામર્શમાં પુન: ઊભી કરી શકાશે. પરંતુ મંજુરીની અપેક્ષાએ ખાલી જગ્યાઓ રદ કરવામાંથી બાકાત રાખી શકાશે નહી.

(૩) આ ઠરાવ સાથેની અનુસૂચિમાં ૫૯ સંવર્ગની ૬૧૫૦૪ જગ્યાઓ સિવાયના કોઇપણ સંવર્ગ/જગ્યાને સાતમા પગારપંચનો લાભ આપી શકાશે નહી. ખાલી જગ્યાઓ નાણા વિભાગ/સરકારની મંજુરી વગર ભરી શકાશે નહી કે પુન:જીવિત કરી શકાશે નહી.

(૪) અનુદાનિત શાળાઓ / સંસ્થા દ્વારા સરકારની મંજુરી વગર ઊભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ, કરાર આધારે ભરેલ કે ફિક્સ પગારથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહી કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહી. **શાળાઓ / સંસ્થાઓ દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોય તેવી જગ્યાઓને આ હુકમો હેઠળ પગાર સુધારણા મંજુર કરી શકાશે નહી. તે અંગે શાળા / સંસ્થાએ નિર્ણય કરવાનો રહેશે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા આ માટે કોઇ અનુદાન આપવામાં આવશે નહી.** અલબત્ત શિક્ષણ વિભાગના ઠરાવો કે નાણા વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજુરીથી ઊભી થયેલ અને સરકારની મંજુરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં, નિયત વર્ષોની ફિક્સ પગારની સેવા પૂર્ણ કરી નિયમિત નિમણૂક મેળવ્યેથી આ પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે.

(૫) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર ખરેખર પગાર સુધારણા તા. ૦૧/૦૮/૨૦૧૭થી મળવાપાત્ર થશે. તા. ૧.૧.૨૦૧૬ થી તા. ૩૧.૭.૨૦૧૭ સુધીના સમયગાળાની પગાર તફાવતની રકમ પાંચ સરખા વાર્ષિક હપ્તામાં, રાજ્ય સરકાર દ્વારા તફાવતની રકમ ચુકવવા અંગે જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર ચુકવવામાં આવશે. સરકારના હૂકમ સિવાય પગાર તફાવતની રકમની ચૂકવણી કરવી નહિ.

(૬) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર શિક્ષકો/કર્મચારીઓને મળવાપાત્ર ભથ્થા, સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ નથી તેમ ગણી, વિદ્યમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે.

(૭) સાતમા પગારપંચને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થા પોતાની સત્તાની રૂએ કોઇ છૂટછાટ આપી શકશે નહી.

(૮) રાજ્ય સરકારની મંજુરી વિના હવે પછી કોઇ જગ્યા ઠરાવ કરીને ઊભી કરી શકાશે નહી અને તેને સાતમા પગારપંચ મુજબનો પગાર / પગાર સુધારણા મંજુર કરી શકશે નહી. રાજ્ય સરકારની મંજુરીથી ઊભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઇઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુત્તમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી/ બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુતમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પર શાળા/ સંસ્થા દ્વારા નિયત ભરતી પ્રક્રિયા મારફત અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરેલ જગ્યાઓને જ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઇ અનુદાન ( પગાર ભથ્થા અને નિવૃત્તિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે નહી.

(૧૦) ભારત સરકાર અને ગુજરાત સરકારની સુચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે.

(૧૧) સાતમા પગારપંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી. આ માટે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી તે કચેરી (સંસ્થા)ની રહેશે.

(૧૨) શાળા /સંસ્થા દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) શાળા/સંસ્થા પોતાની સત્તાની રૂ એ કોઈપણ જગ્યાઓ ઊભી કરી શકશે નહિ અને કોઈ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ. નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. આ શરતોનો અમલ ન કરવામાં આવે તો સંસ્થાની/સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની જવાબદારી રહેશે.

(૧૪) શાળા/સંસ્થા દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ મંજુરીથી હુકમો કરી અનુદાનિત સંસ્થાના કર્મચારીઓને જે ભથ્થાઓ મંજુર કરેલ છે તે સિવાયના કોઈ વધારાના ભથ્થા ચૂકવવાના રહેશે નહી કે સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ હોય તેવા છઠ્ઠા પગારપંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાઓના દરમાં કોઈ વધારો કરવાનો રહેશે નહીં કે વધારાના પ્રોત્સાહન (incentives) / લાભ રાજ્ય સરકારની મંજુરી વગર આપી શકશે નહીં. **<u>સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાઓ - લાભ અંગેના સરકારના હુકમો સીધે સીધા અનુદાનિત શાળાઓ/સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પડશે નહીં કે તેનો અમલ કરી શકાશે નહી</u>**, સિવાય કે હુકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય.

(૧૬) શાળાઓ/સંસ્થાઓના તમામ કર્મચારીઓનું આઈ.એફ.એમ.એસ. હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં ફરજીયાતપણે ઓન લાઈન પે ફિક્સેશન તથા ઓન લાઇન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરાવવાની જવાબદારી જે તે પે ફિક્સેશન કરનાર અધિકારી/જિલ્લા શિક્ષણ અધિકારીઓની રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય તે કર્મચારીની તમામ વિગતો-બનેલ પ્રસંગો (events) અદ્યતન કરી, ત્યાર બાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે. જે કર્મચારીઓની છઠ્ઠા પગાર પંચ મુજબ થયેલ પગાર બાંધણીની ચકાસણી થયેલ હોય તે કર્મચારીઓની જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

(૧૭) આ ઠરાવ સાથેની અનુસૂચિ - ૧માં દર્શાવવામાં આવેલ નામાભિધાન/પગાર ધોરણો (જેનો સમાવેશ વહીવટ વિભાગના હુકમોની અનુસૂચિમાં સમાવેશ કરવામાં આવે તે) ની પણ જિલ્લા શિક્ષણાધિકારી/શાળા/સંસ્થા દ્વારા ચકાસણી કરવાની રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુન: દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૮) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓન લાઈન પગાર બાંધણી કરવાની રહેશે. છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહીં. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૧૯) શાળા / સંસ્થાએ કોઇ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી કે આ હેતુસર અનુદાન ફાળવવાનું રહેશે નહી.

(૨૦) તા. ૧.૧.૨૦૧૬ના રોજ કે ત્યાર બાદ નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિયમાનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર માળખામાં (ગ્રેડ પે ને અનુરૂપ પે મેટ્રિક્સના લેવલમાં) મળવાપાત્ર પગાર તથા તે મુજબના નિવૃત્તિ લાભો જે મળવાપાત્ર થતા હશે તો તે ચુકવવાના રહેશે.

(૨૧) આ વિભાગના ઠરાવ સાથે બીડેલ અનુસૂચિ - ૧ના આધારે નિયામકશ્રી, શાળાઓ દ્વારા જિલ્લાવાર-સંવર્ગ/પગાર ધોરણવાર જગ્યાઓની યાદી બહાર પાડવાની રહેશે અને તે યાદીમાં દર્શાવેલ સંખ્યાની મર્યાદામાં જ જે તે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પગાર બાંધણી કરવાની રહેશે.

(૨૨) રાજ્યમાં કુલ ૫૩૦૨ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કુલ ૬૧૫૦૪ કર્મચારીઓને (શૈક્ષણિક અને બિનશૈક્ષણિક) પગાર સુધારણા મંજુર કરવાની થાય છે. જે તે જગ્યાના છઠ્ઠા પગાર પંચ મુજબના પે મેટ્રીક્ષના અનુરૂપ લેવલ મુજબ પગાર સુધારણા મંજુર કરવાની થશે. આ પગાર સુધારણાને કારણે અંદાજે માસિક ` ૫૫.૨૭ કરોડનું અને વાર્ષિક ` ૬૬૩.૨૪ કરોડનું વધારાનું નાણાકીય ભારણ પડશે. આ વિગતોને આધારે સાતમા પગારપંચ પ્રમાણે લાભ આપવાની મંજુરી

આપવામાં આવેલ છે તે પ્રમાણે જ નક્કી કરેલ લાભો જ આપવાના રહેશે. તે સિવાય કોઇપણ લાભ નાણા વિભાગની મંજુરી સિવાય આપી શકાશે નહી અને જો કોઇ કક્ષાએ મંજુરી સિવાયના લાભ આપવામાં આવશે તો તેની સંપૂર્ણ નાણાંકિય જવાબદારી જે-તે અધિકારીની રહેશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

**(૨૩)** આ ઠરાવની તમામ સુચનાઓનો સુસ્તપણે અમલ થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, શાળાઓની કચેરીની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૯.૮.૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એન.એલ.પુજારા)**
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ :- અનુસૂચિ - ૧

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના. વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી ની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- મેનેજરશ્રી, ઇન્ડેક્ષ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારીશ્રી.
- સિલેક્ટ ફાઈલ.

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા: ૧૬/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ નું બિડાણ

અનુસૂચિ- ૧

૧ થી ૫૯ સંવર્ગનું પત્રક

| ક્રમ | હોદ્દો | છઠ્ઠા પગારપંચ મુજબના પગાર માળખામાં | | | ૭મા પગાર પંચ મુજબ પે મેટ્રિક્સનું અનુરૂપ લેવલ | પે મેટ્રીક મુજબ લઘુતમ પગાર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | પે બેન્ડ | પે બેન્ડ | ગ્રેડ પે | | | |
| ૧ | મુખ્ય શિક્ષક | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | જ્યાં આચાર્ય ઉપરાંત મુખ્ય શિક્ષક હોય ત્યાં આચાર્યને લેવલ-૮માં અને મુખ્ય શિક્ષક લેવલ-૭ મળવાપાત્ર |
| | | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦❋ | ૪૬૦૦ | ૮ | ૪૪૯૦૦ | |
| ૨ | તાલીમી સ્નાતક શિક્ષક (સ્નાતક + બીટી, બી.એડ./ ડી.એડ.) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૩ | તાલીમી શિક્ષક ( સ્નાતક + ટી.ડી.એસ.ટી..સી) | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| | | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૪ | એસ.એસ.સી. અથવા અન્ડર ગ્રેજ્યુએટ+એસ.ટી.સી./ટી.ડી. | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૫ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | (૧) તાલીમી બી.એડ., ડી.એડ., અનુસ્નાતક શિક્ષકો માટે<br>(૨) તાલીમી બી.એડ., ડી.એડ., સ્નાતક અને સાત વર્ષનો માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો શૈક્ષણિક કાર્યના અનુભવી |
| ૫અ | | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | અનુસ્નાતક એસ.ટી.સી.(ટી.ડી.) શિક્ષકો માટે |
| ૬ | લેબોરેટરી કો ઓર્ડિનેટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૭ | બિન તાલીમી સ્નાતક શિક્ષક એસ.ટી.સી.ટી.ડી | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૮ | બિન તાલીમી મેટ્રીક પાસ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| ૯ | કલા શિક્ષક /આર્ટ માસ્ટર બી.એ ( ફાઈન આર્ટ્સ) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૧૦ | એસ.એસ.સી + ડી.એમ /એ.ટી.ડી | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦❋ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| ૧૧ | એસ.એસ.સી + ડી.ટી.સી. | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |

## શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા: ૧૬/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ નું બિડાણ

| ક્રમ | હોદ્દો | છઠ્ઠા પગારપંચ મુજબના પગાર માળખામાં | | | ૭મા પગાર પંચ મુજબ પે મેટ્રિક્સનું અનુરૂપ લેવલ | પે મેટ્રીક મુજબ લઘુતમ પગાર | રિમાર્કર્સ |
|---|---|---|---|---|---|---|---|
| | | પે બેન્ડ | પે બેન્ડ | ગ્રેડ પે | | | |
| ૧૧ | એસ.એસ.સી સાથે ડ્રોઈંગ અથવા એસ.એસ.સી + ઇન્ટર મીડીયેટ ડ્રો.ગ્રેડ એક્ઝામિનેશન સહીત લાયકાતવાળા શિક્ષકો માટે | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| | **સંગીત શિક્ષક** | | | | | | |
| ૧૨ | સંગીત વિશારદ, સંગીત શિક્ષા વિશારદ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૧૩ | સંગીત વિશારદ અથવા સંગીત અલંકાર અથવા સંગીત પ્રવિણ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| ૧૪ | સંગીત મધ્યમા સંગીત શિક્ષક સનદ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૧૫ | સંગીત મધ્યમા | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| | **વ્યાયામ શિક્ષક:** | | | | | | |
| ૧૬ | સ્નાતક + ડી.પી.એડ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૧૭ | સ્નાતક + સી.પી.એડ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| | | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | સી.પી.એડ. મેળવ્યા પછી તારીખ ૧.૧૦.૧૯૭૪ના રોજ ૧૦ વર્ષની નોકરી ધરાવતાં હોય તેમને |
| ૧૮ | એસ.એસ.સી અને એ સાથે વ્યાયામ શિક્ષણનો એક વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ અથવા ટૂંકી મુદતનો વ્યાયામ શિક્ષણનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૧૯ | વ્યાયામ શિક્ષણનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| | **હિન્દી/ઉર્દૂ શિક્ષક** | | | | | | |
| ૨૦ | સ્નાતક + સીનિયર એસ.એસ.એસ. અથવા સમકક્ષ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૨૧ | સ્નાતક + જુનિયર એસ.એસ.એસ. | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| ૨૨ | બિન તાલીમી સ્નાતક | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૨૩ | તાલીમી એસ.એસ.સી અન્ડર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૨૪ | બિન તાલીમી મેટ્રીક અન્ડર ગ્રેજ્યુએટ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા: ૧૬/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ નું બિડાણ

| ક્રમ | હોદ્દો | છઠ્ઠા પગારપંચ મુજબના પગાર માળખામાં | | | ૭મા પગાર પંચ મુજબ પે મેટ્રિક્સનું અનુરૂપ લેવલ | પે મેટ્રીક મુજબ લઘુતમ પગાર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | પે બેન્ડ | પે બેન્ડ | ગ્રેડ પે | | | |
| ૨૫ | શિવણ અને ભરત ગૂંથણ શિક્ષક | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૨૬ | શિવણ શિક્ષક | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૨૭ | હાથ ઉદ્યોગ શિક્ષક | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| | **બિન શૈક્ષણિક સ્ટાફ** | | | | | | |
| ૨૮ | અ) ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ(ઓ.એસ.) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | |
| ૨૮ | મુખ્ય કારકુન | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૨૯ | સિનીયર કારકુન હિસાબનીશ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૩૦ | જુનિયર કરકુન | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| ૩૧ | પટાવાળા | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| | **ટેક્નીકલ સ્ટાફ** | | | | | | |
| ૩૨ | સુપ્રિન્ટેન્ડેન્ટ ગ્રેડ-૧ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ૮ | ૪૪૯૦૦ | વિદ્યાર્થી સંખ્યા ૫૦૦થી વધુ હોય તો |
| | વર્કશોપ સુપ્રિન્ટેન્ડેન્ટ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | વિદ્યાર્થી સંખ્યા ૫૦૦થી ઓછી હોય તો |
| ૩૩ | આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | |
| ૩૪ | આસિસ્ટન્ટ લેક્ચરર | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૩૫ | તાલીમી શિક્ષક (ખેતીવાડી) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૩૬ | તાલીમી શિક્ષક (ગૃહવિજ્ઞાન) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૩૭ | તાલીમી શિક્ષક(ફાઇન આર્ટસ) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૩૮ | જુનીયર લેક્ચરર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| ૩૯ | કારપેન્ટરી ઇન્સ્ટ્રક્ટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૪૦ | ટર્નર-ફીટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૪૧ | સ્મીથી ઇન્સ્ટ્રક્ટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| ૪૨ | ઓઇલ મેન | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| ૪૩ | હમાલ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| ૪૪ | ફીલ્ડ આસિસ્ટન્ટ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૯૦૦ | |
| ૪૫ | ફાર્મ સરવન્ટ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| ૪૬ | પટાવાળા | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| | **કોમર્સ વિભાગ** | | | | | | |
| ૪૭ | તાલીમી સ્નાતક શિક્ષક (વાણિજ્ય) | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૪૮ | શોર્ટ હેન્ડ ટાઇપરાઇટીંગ ઇન્સ્ટ્રક્ટર | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |

### શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા: ૧૬/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ નું બિડાણ

| ક્રમ | હોદ્દો | છઠ્ઠા પગારપંચ મુજબના પગાર માળખામાં | | | ૭મા પગાર પંચ મુજબ પે મેટ્રિક્સનું અનુરૂપ લેવલ | પે મેટ્રીક મુજબ લઘુતમ પગાર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | પે બેન્ડ | પે બેન્ડ | ગ્રેડ પે | | | |
| ૪૮ | ટાઇપરાઇટીંગ ઇન્સ્ટ્રક્ટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| ૪૯ | ઇલેક્ટ્રીશીયન | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૫૦ | પટાવાળા | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| | **એન.એફ.સી.ઇન્સ્ટ્રક્ટર** | | | | | | |
| ૫૧ | સ્નાતક એન.એફ.સી. ઇન્સ્ટ્રક્ટર | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫૪૦૦ | |
| ૫૨ | નોન ગ્રેજ્યુએટ એન.એફ.સી. | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| | **બિન શૈક્ષણિક સ્ટાફ** | | | | | | |
| ૫૩ | નાયક | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | IS-2 | ૧૫૦૦૦ | |
| | **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** | | | | | | |
| ૫૪ | ગ્રંથપાલ | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫૫૦૦ | |
| ૫૫ | લેબ આસિસ્ટન્ટ કમ પ્યુન | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૮૦૦ | |
| ૫૬ | ઇન્સ્ટ્રક્ટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |
| ૫૭ | વ્યવસાયિક શિક્ષક | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | |
| ૫૮ | એકેડેમિક શિક્ષક | PB-2 | ૯૩૦૦-૩૪૮૦૦☒ | ૪૪૦૦ | ૭ | ૩૯૯૦૦ | |
| ૫૯ | કો.ઓર્ડિનેટર | PB-1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૫ | ૨૯૨૦૦ | |

☒ શિક્ષણ વિભાગનો તારીખ ૩૦.૮.૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-મં.શિ.-૧-ગ.

✱ શિક્ષણ વિભાગનો તારીખ ૨૧.૧૨.૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૯-મં.શિ.-૧-ગ.

✱ શિક્ષણ વિભાગનો તારીખ ૨૧.૭.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-મં.શિ.-૧-ગ.

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ